ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમને વર્ષ ૨૦૨૩-૨૪ માટેની રૂ.૨૦૦.૦૦ લાખની શેરમૂડી ગ્રાન્ટ પૈકી ચોથા હપ્તા પેટે રૂ.૫૦.૦૦ લાખની ગ્રાન્ટ ફાળવવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ સશપ/૧૦૨૦૦૦/૧૧૧/અ.૧(પા.ફા.)
(e-sarkar:- SJED/MIS/e-file/17/2022/0022/A-1 Section)
સચિવાલય, ગાંધીનગર.

વંચાણે લીધાઃ-

(૧) આ વિભાગનો તા.૧૮-૦૪-૨૦૨૩નો ઠરાવ ક્રમાંકઃSJED/CIE/e-file/17/2022/2945/B

(૨) આ વિભાગનો તા.૧૫-૦૭-૨૦૨૩નો ઠરાવ ક્રમાંકઃSJED/MIS/e-file/17/2022/0022/A-1

(૩) આ વિભાગનો તા.૨૭-૧૨-૨૦૨૩નો ઠરાવ ક્રમાંકઃSJED/MIS/e-file/17/2022/0022/A-1

(૪) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા.૨૧-૦૨-૨૦૨૪નો પત્ર ક્રમાંક :વિજાક/બો.નિ./૨૦૨૩-૨૪/ ૧૬૫૬-૫૭.

આમુખઃ-

વંચાણે લીધા ક્રમાંક (૧) પરના આ વિભાગના ઠરાવથી ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ માટે વર્ષ ૨૦૨૩-૨૪ ના અંદાજપત્રમાં શેરમૂડીની ગ્રાન્ટ પેટે રૂ.૨૦૦.૦૦ લાખની બજેટ જોગવાઇની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. વંચાણે લીધા ક્રમાંક (૨) પરના આ વિભાગના તા.૧૫-૦૭-૨૦૨૩ ના ઠરાવથી પ્રથમ હપ્તા પેટે રૂ.૫૦.૦૦ લાખની ગ્રાન્ટ નિગમના હવાલે મૂકવાની મંજૂરી આપેલ છે. વંચાણે લીધા ક્રમાંક (૩) પરના આ વિભાગના તા.૨૭-૧૨-૨૦૨૩ ના ઠરાવથી બીજા હપ્તા પેટે રૂ.૫૦.૦૦ અને ત્રીજા હપ્તા પેટે રૂ.૫૦.00 લાખ એમ કુલ રૂ.૧૦૦.૦૦ લાખની ગ્રાન્ટ નિગમના હવાલે મૂકવાની મંજૂરી આપેલ છે. નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ દ્વારા વંચાણે લીધા ક્રમાંક (૪) ના પત્રથી વર્ષ ૨૦૨૩-૨૪ ના અંદાજપત્રમાં થયેલ જોગવાઇ મુજબની રૂ.૨૦૦.૦૦ લાખની શેરમૂડી ગ્રાન્ટ પૈકી ચોથા હપ્તા પેટે રૂ.૫૦.૦૦ લાખની ગ્રાન્ટ ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમને હવાલે મૂકવાની દરખાસ્ત કરેલ છે. જે બાબત વિચારણા હેઠળ હતી.

**ઠરાવઃ-**

પુખ્ત વિચારણાને અંતે ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમને વર્ષ ૨૦૨૩-૨૪ ની બજેટ જોગવાઇ મુજબની રૂ.૨૦૦.૦૦ લાખની શેરમૂડી ગ્રાન્ટ પૈકી ચોથા હપ્તા પેટે રૂ.૫૦.૦૦ (અંકે રૂપિયા પચાસ લાખ પુરા)ની શેરમૂડી ગ્રાન્ટ ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમના હવાલે મૂકવા નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણને નીચેની શરતોને આધીન મંજૂરી આપવામાં આવે છે.

**શરતોઃ-**

(૧) આ ગ્રાન્ટ નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગરે તાત્કાલિક ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમને હવાલે મૂકવાની રહેશે.

(૨) નિગમે આ ગ્રાન્ટનો ઉપયોગ જે હેતુ માટે બજેટ જોગવાઇ કરવામાં આવી હોય તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે.

(૩) સને ૨૦૨૩-૨૪ ના વર્ષની બજેટ જોગવાઇને આધીન રહીને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

(૪) આ અંગેનું ખર્ચ સરકારશ્રી દ્વારા વખતોવખત નક્કી કરવામાં આવેલ જોગવાઇઓ અને લાગુ પડતા ધારા ધોરણોને આધીન નિયત પદ્ધતિથી કરવાનું રહેશે.

eSign
Signed by: KALPANABEN VIPULKUMAR RANA
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 12-Mar-2024 (06:14 PM)

(૫) આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંકઃ ૯૨ મુખ્ય સદર-૪૨૨૫-અનુ.જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાત વર્ગો અને લઘુમતિઓના કલ્યાણ અંગે મૂડી ખર્ચની જોગવાઇ, પેટા મુખ્ય સદર-૦૩ પછાતવર્ગોનું કલ્યાણ, ગૌણ સદર-૧૯૦ જાહેર ક્ષેત્ર અને અન્ય ઉપક્રમોને નાણાંકીય સહાય, પેટા સદર- ૦૧ ઓબીસી-૧૯ ગુજરાત પછાતવર્ગ વિકાસ નિગમને શેરમૂડી હેઠળ ઉધારવો અને તે હેઠળ ચાલુ નાણાંકીય વર્ષમાં કરવામાં આવેલ જોગવાઇમાંથી મેળવવાનો રહેશે.

(૬) હવે પછી ગ્રાન્ટની માંગણી કરતાં સમયે નિગમ દ્વારા GSFS ખાતે પાર્ક કરવામાં આવેલ ફંડનાં ઉપયોગ અંગેના આયોજનની વિગતો મોકલવાની રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૦૬-૦૩-૨૦૨૪ ની નોંધ થી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

eSign
Signed by: KALPANABEN VIPULKUMAR RANA
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 12-Mar-2024 (06:14 PM)

(કલ્પના રાણા)
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ

(૧) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.

નકલ રવાનાઃ-

(૧) મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૨) પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.

(૩) એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ

(૪) નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.

(૫) જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.

(૬) સેકશન અધિકારીશ્રી (બજેટ અને કોમ્પ્યુટર સેલ શાખા), સા.ન્યા અને અ.વિ., સચિવાલય, ગાંધીનગર.

(૭) સિલેક્ટ ફાઇલ